<u>રે.દિ.મુ.નં.૧૬/૨૦૨૬</u>

## -: <u>આંક-૫ હેઠળ હુકમ</u> :-

(૧) સાંભળ્યા,અરજી તથા રેકર્ડ વંચાણે લીધુ,

સદર કામે વાદીઓએ હાલની અરજી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે કરેલ છે.વાદીઓની કામચલાઉ મનાઈ અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે,વાદી પટેલ લવજીભાઈ મકનાભાઈના એક માત્ર સંતાન દીકરી છે અને તેમને ભેટાલી મુકામે પટેલ કલ્પેશભાઈ કચરાભાઈ સાથે પરણાવેલ હોઈ હાલ ભેટાલી મુકામે રહે છે જયારે તેમનુ પીયર ટાકાટુકા થાય છે અને પ્રતિવાદીઓ તેમના મોટાભાભાના વારસો હોય તેમના પિતરાઈ ભાઈ-બહેન થાય છે.વાદીના પિતા પટેલ લવજીભાઈ મકનાભાઈ અને પ્રતિવાદીઓના પિતા પટેલ લાલાભાઈ મકનાભાઈ,પટેલ મકનાભાઈ બાદરભાઈના દીકરાઓ હોઈ સગાભાઈઓ થાય છે જેથી વાદીઓ તથા પ્રતિવાદીઓ મુળ પુરુષ અને તેઓના દાદા પટેલ મકનાભાઈ બાદરભાઈના વારસો છે.વધુમાં,વાદીના પિતા પટેલ લવજીભાઈ મકનાભાઈ તથા પ્રતિવાદીઓના પિતા પટેલ લાલાભાઈ મકનાભાઈ સગાભાઈઓ હતા અને તે પૈકી પટેલ લાલાભાઈ મકનાભાઈ મોટા પુત્ર થતા હોય પિતાની હયાતીમાં તેમનુ નામ રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ હતુ જયારે વાદીઓના પિતા પટેલ લવજીભાઈ મકનાભાઈ નાના પુત્ર હોય તેમનુ નામ રેકર્ડે દાખલ થયેલ નહી પરંતુ મોજે.ટાકાટુકા,તા.ભીલોડાની સીમના ખાતા નં.૧૭૧ ના સ.નં.૨૨૨ અને સ.નં .૫૮૭ તથા ખાતા નં.૪૬૮ ના સ.નં.૬૫૪,ખાતા નં.૧૭૪ નો સ.નં.૬૫૫ તથા ખાતા નં.૩૪૭ નો સ.નં.૬૫૬ ની ખેતીલાયક જમીનો પટેલ મકનાભાઈ બાદરભાઈના કબજા ભોગવટામાં આવેલ હતી અને જયારે તેમના પિતરાઈ ભાઈ પટેલ સવજીભાઈ બેચરભાઈના ખાતે ખાતા નં.૧૭૧ ની સ.નં .૫૪૭,૫૪૮,૫૮૮,૫૯૨ તથા ૫૯૭ ની ખેતીની જમીનો આવેલ હતી.

વધુમાં વાદી તથા પ્રતિવાદીઓના દાદા પટેલ મકનાભાઈ બેચરભાઈ તથા પટેલ સવજીભાઈ બેચરભાઈ અને પટેલ સરદારભાઈ બેચરભાઈનાઓ હતા અને તેમના કાકા પટેલ સરદારભાઈ બેચરભાઈ નિસંતાન હોવાથી પટેલ મકનાભાઈ બેચરભાઈ દત્તક પુત્ર તરીકે જતા તેઓ પટેલ મકનાભાઈ બાદરભાઈ તરીકે ઓળખાયા અને ત્યારબાદ પટેલ સરદારભાઈ બેચરભાઈ નિસંતાન હોય તેઓની જમીન પટેલ સવજીભાઈ બેચરભાઈને આપી દીધેલ હતી તેથી સવજીભાઈ પાસે જમીન વધુ હતી અને તે પછીથી પટેલ સવજીભાઈ પણ નિસંતાન હોય તેમના દત્તક પુત્ર તરીકે પ્રતિવાદીના પિતા પટેલ લાલાભાઈ મકનાભાઈનાઓ ગામ આગેવાનો રુબરુ ગયેલા હતા જેથી મકનાભાઈ બાદરભાઈના કબજા ભોગવટાની તમામ જમીનમાં પુત્ર તરીકે લાલાભાઈનો કોઈ હીસ્સો કે લાગભાગ રહેતો ન હતો તેથી પટેલ મકનાભાઈ બાદરભાઈના નાના પુત્ર તરીકે સદર જમીનો વાદીના પિતા લવજીભાઈ મકનાભાઈનાઓની રહેલ છે અને તેઓ તેમના એકમાત્ર પુત્રી સંતાન છે જેથી સદર જમીનો માંગવા અને મેળવવા કાયદેસરના હકકદાર છે.વધુમાં મોજે.ટાકાટુકા ગામતળમાં પટેલ મકનાભાઈ બાદરભાઈના નામે અને કબજે રહેલ મકાન જે ગામ પંચાયતના આકારણી પત્રકે નં.ર/૧૪૧ પટેલ વાસમાં આવેલ છે અને સદર મકાન પણ નાના દીકરા તરીકે વાદીના પિતા લવજીભાઈના કબજે ભોગવટે રહેલ હોય વાદી તેના માલીક અને કબજેદાર છે પરંતુ તેમના લગ્ન ભેટાલી મુકામે થતાં તેઓ તેમની સાસરીમાં રહેતા હોઈ સદર મકાન જર્જરીત થઈ પડી ગયેલ છે અને હાલમાં રહેવા લાયક નથી.વધુમાં પટેલ મકનાભાઈ બાદરભાઈનાઓના કબજે ભોગવટે રહેલ મોજે.ટાકાટુકાની જમીનોની ચર્તુસીમા અને હદમર્યાદા મુજબ **પરીશિષ્ટ–૧** :–મોજે.ટાકાટુકાની સીમના ખાતા નં.૧૭૧ ની સ.નં.૧૨૧/૨, નવો સ.નં.–૨૨૨ ની ૦.૯૬.૩૩

હે.આરે.ચો.મી. તથા સ.નં.૧૨૨/૨,નવો સ.નં.૫૮૭,૦.૬૪.૬૦ હે.આરે.ચો.મી.ની ખેતીલાયક જમીનોની બાજુ બાજુમાં આવેલ હોય તેની ચર્તુસીમા મુજબ પુર્વે–બોલુદ્યા જતો રસ્તો છોડી પટેલ રેવા મુળાની જમીન આવેલ છે,પશ્રિમે–પટેલ સવજી બેચરની જમીન આવેલ છે,ઉત્તરે–પટેલ સવજી બેચરની જમીન આવેલ છે તથા દક્ષિણે–બોલુદ્યાતો રસ્તો છોડી પટેલ હરીભાઈ કચરાની જમીન આવેલ છે.

**પરીશિષ્ટ–૨**

મોજે.ટાકાટુકાની સીમના ખાતા નં.૪૬૮ ની સ.નં.૬૫૪ ની ૦.૦૭.૨૫ હે.આરે.ચો.મી. ખરાબાની જમીન આવેલ છે તથા ખાતા નં.૧૭૪,સ.નં.૬૫૫ ની ૧.૨૫.૭૯ હે.આરે.ચો.મી. તથા ખાતા નં.૩૪૭ ની સ.નં.૬૫૬ ની ૧.૩૭.૭૦ હે.આરે.ચો.મી.ની ખેતીની જમીનોની બાજુબાજુમાં આવેલ હોય તેની ચર્તુસીમા મુજબ પુર્વે–સ.નં.૬૫૪ ની ખરાબાની જમીન છોડી નરસીહ વાઘજીની જમીન આવેલ છે,પશ્રિમે–ખાંટ મગનભાઈની જમીન આવેલ છે,ઉત્તરે–દરજુસિંહની જમીન આવેલ છે તથા દક્ષિણે–પટેલ શામળભાઈ દયારાભાઈની જમીન આવેલ છે.સદર જમીન પૈકી સ.નં.૬૫૪ ની ૦.૭.૨૫ હે.આરે.ચો.મી.ની જમીનમાં સદર જમીનોના પીયત માટેનો કુવા તથા ખરાબાની જમીન આવેલ છે.આમ,સદર ચર્તુસીમા અને હદમર્યાદાવાળી જમીનો હવે પછી વાદગ્રસ્ત જમીન તરીકે સંબોધવામાં આવેલ છે.વધુમાં,સદર વાદગ્રસ્ત જમીનો વાદીના પિતા પટેલ લવજીભાઈ મકનાભાઈ આવેલ છે પરંતુ પટેલ મકનાભાઈ બાદરભાઈના મોટા દીકરા હોવાના કારણે પ્રતિવાદીઓના પિતા લાલાભાઈ મકનાભાઈના નામે રેવન્યુ રેકર્ડ દાખલ થયેલ હતુ અને સદર જમીનો પૈકી સ.નં.૬૫૫ ની જમીનમાં વાદીનુ નામ દાખલ થયેલ છે અને બાકીની જમીનોમાં તેમના પિતા લવજીભાઈનુ નામ નાના પુત્ર હોવાના કારણે રેકર્ડે દાખલ થયેલ નથી પરંતુ ગામ આગેવાનો દ્વારા નકકી કરવામાં

આવેલ વહેંચણી આધારે સદર જમીનોમાં વાદીના પિતા લવજીભાઈના કાયદેસરના કબજે ભોગવટે આવેલ છે અને તેમાં અમારો કાયદેસરનો લાગભાગ,હકક અને હીસ્સો આવેલ છે અને વાદીના પિતા હયાત હતા તે દરમીયાન તેમના કબજાની સદર જમીનમાં જાતે વાવેતર કરતા હતા અને તે દરમીયાન અમારા માતા શારદાબેન લવજીભાઈનાઓ આકસ્મીક રીતે મરણ થતા ત્યારબાદ અમારા પિતા ટુંકી માંદગીથી મરણ થયેલા અને તે સમયે વાદી નાની ઉંમરના હોય તેમના મામા પટેલ ડાહ્યાભાઈ વાઘજીભાઈના ઘરે ભીલોડા મુકામે ગયેલા તેથી વાદીની સદર જમીનો આ કામના પ્રતિવાદીના પિતા લાલાભાઈ મકનાભાઈનાઓ વાવતા હતા અને તે સમયે તેમના મામા પટેલ ડાહ્યાભાઈ વાઘજીભાઈનાઓએ સદર જમીનો વાદીના નામે કરવા જણાવેલ હતુ પરંતુ વાદી સગીરવયના હોય ગામ આગેવાનો તથા સમાજના સગા સબંધીઓએ તેમના લગ્ન સમયે સદર જમીનો તેમના નામે કરી આપવાની સમજુતી કરેલ હતી અને સદર જમીનોની આવકનો હીસ્સો વાદીને આપવાની પણ વાત નકકી કરેલ હતી.પછીથી વાદી ઉમર લાયક થતાં તેમના લગ્ન ભેટાલી મુકામે થતાં તેઓ તેમની સાસરીમાં રહેવા ગયેલા અને તે સમયે આગેવાનો દ્વારા વાદીના ઘરે સારો પ્રસંગે આવે તે સમયે સદર જમીનો અને તમામ હીસ્સો વાદીને આપી દેવાનુ નકકી થયેલ અને મોજે.ટાકાટુકા ગામે રહેલ મકાન પણ વાદીને આપી દેવાની વાત આગેવાનો વચ્ચે નકકી થયેલ છે.વધુમાં સવજીભાઈ બેચરભાઈને કોઈ સંતાન ન હોય પ્રતિવાદીના પિતા લાલાભાઈ સવજીભાઈના ઘરે દત્તક પુત્ર તરીકે ગયેલા હતા અને તેથી તેઓની પાછળ સવજીભાઈ લાગે છે અને સદર હકીકતે લાલાભાઈ સવજીભાઈ ના પુત્ર તરીકે ઓળખાતા હતા અને સદર હકીકત ગામ આગેવાનો સારીરીતે જાણે છે અને તેથી મકનાભાઈ બાદરભાઈની તમામ મિલકતના વારસદાર અને પુત્ર સંતાન તરીકે એક માત્ર

હકકદાર વાદીના પિતા લવજીભાઈ મકનાભાઈનાઓ થાય છે અને સદર હકીકત પ્રતિવાદીઓ સારી રીતે જાણે છે પરંતુ મકનાભાઈ બાદરભાઈની જમીનમાં હીસ્સો મેળવવાના બદઈરાદાથી પાછળથી એટલે કે વાદીના પિતા લવજીભાઈના મરણ બાદ લાલાભાઈએ પોતાની જગ્યાએ પોતાનાદીકરા મહેદ્યભાઈને સવજીભાઈના દત્તક પુત્ર તરીકે દર્શાવી દીધેલ છે અને રેવન્યુ રેકર્ડે પટેલ મહેદ્યભાઈ સવજીભાઈના નામે થયેલ છે અને સદર હકીકત ખોટી અને બનાવટી રીતે તેમના પિતાની હયાતી બાદ માત્ર જમીનો પચાવી પાડવાના બદઈરાદા અને બદઆશયથી કરવામાં આવેલ છે.

વધુમાં,મોજે.ટાકાટુકા ગામમાં વાદીના પિતાનુ ઘર આવેલ છે જે ટાકાટુકા ગામ પંચાયતના આકારણી પત્રક નં.૨/૧૪૧ થી નોંધાયેલ છે અને હાલમાં જર્જરીત થઈ પડી ગયેલ છે અને તે વાદીના દાદા મકનાભાઈના નામે આવેલ હતુ પરંતુ નાના પુત્ર તરીકે વાદીના પિતાના ભાગે આવેલ હોય તેઓ આખી જીંદગી સદર ઘરમાં રહેલ છે અને પછીથી વાદી સદર ઘરનો કબજો ભોગવટો ધરાવે છે અને હાલમાં સદર મકાન પડી ગયેલ હોય વાદી તેને નવુ બનાવવા માટે પરવાનગી લેવા અને તેનો વેરો ભરવા તાજેતરમાં ટાકાટુકા ગામે ગયેલ અને વેરો તેમના નામે ભરવા આગ્રહ કરતા તલાટીશ્રીએ પ્રતિવાદીઓની સંમતી લેવાની થતી હોય,વાદીએ તેઓને સંમતી માટે વાત કરતા આ કામના પ્રતિવાદીઓએ સદર ઘર વાદીના નામે કરવાની તદન ના પાડી દીધેલ અને તેમની વચ્ચે થયેલ વાતચીત દરમીયાન વાદીએ સદર ઘર તેમજ વાદગ્રસ્ત મિલકત તેમના નામે કરવા જણાવતા,પ્રતિવાદીઓએ વાદગ્રસ્ત જમીનો પણ તેમના નામે કયારે ન કરવા જણાવેલ અને તારુ અહી શકુ છે નહી એટલે તારાથી થાય તે કરી લે તેવુ જણાવી વાદી સાથે તકરાર કરેલ અને તેથી વાદીએ આગેવાનોને ભેગા કરવા અને કાયદેસરની કાર્યવાહી કરવા જણાવતા આ કામના પ્રતિવાદીઓએ સદર જમીનો રેકર્ડે તેમના નામે રહેલ

હોય,માથાભારે માણસોને વેચાણ કરી દેવાની ધમકીઓ આપેલ અને વાદીને થાય તે કરી લેવાનુ જણાવેલ જેથી વાદીએ જ્ઞાતિના આગેવાનોને જાણ કરેલ અને તેમના કહેવાથી પણ આ કામના પ્રતિવાદીઓ વાદીના કાયદેસરની વાદગ્રસ્ત મિલકતો આપવા રાજી ન હોય અને તેમના નામે રહેલ રેવન્યુ રેકર્ડનો દુરઉપયોગ કરી વાદગ્રસ્ત મિલકતો રફેદફે કરવા એક યા બીજી રીતે પ્રયત્નશીલ હોય,વાદીના પિતાના કબજે ભોગવટે રહેલ કાયદેસરની વાદગ્રસ્ત મિલકતોના વાદી એક માત્ર વારસ પુત્રી સંતાન હોય અને અગાઉ નકકી થયા મુજબ તે માગવા અને મેળવવા કાયદેસર રીતે હકકદાર છે અને તેથી વાદગ્રસ્ત મિલકતો મેળવવા અને રક્ષણ માટે દાવો દાખલ કરવાની જરુરીયાત ઉપસ્થીત થયેલ છે અને સદર દાવો ચાલતા સમય જાય તેમ છે અને તે દરમીયાન સામાવાળાઓ સદર વાદગ્રસ્ત મિલકત રફેદફે કરે તો દાવાનો હેતુ માર્યો જાય તેમ છે અને વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન જાય તેમ છે જેથી દાવો ચાલતા દરમીયાન કામચલાઉ મનાઈ હુકમ મેળવવા હાલની અરજી કરવાની જરુરીયાત ઉપસ્થીત થયેલ છે અને દાદ માંગેલ છે કે,દાવા અરજીના પેરા.૩ માં જણાવેલ ચર્તુસીમા અને હદમર્યાદાવાળી વાદગ્રસ્ત મિલકતના વાદી કાયદેસરના હીસ્સેદાર હોય અને વાદીના પિતાના હીસ્સાની અડધા ભાગની જમીનો તથા ટાકાટુકા ગ્રામ પંચાયતના આકારણી પત્રકે નોધાયેલ ઘર નં.૨/૧૪૧ વાદીના પિતાનુ હોય અને તેમના વારસ તરીકે કાયદેસર રીતે મેળવવા હકકદાર હોય વાદગ્રસ્ત તમામ મીલકતોમાં વાદીનો કાયદેસરનો વડીલોપાર્જીત હકક રહેલ હોય,વાદીને આ કામના પ્રતિવાદીઓ કે તેમના માણસો,એજન્ટો કે મળતીયાઓ કોઈ પણ પ્રકારે વાપર ઉપયોગ કરતા ખેતી કરતા કે વેચાણ ગીરો,બક્ષીસ કરતા કોઈ પણ પ્રકારે અડચણ,રુકાવટ કે અંતરાય કરેલ કરાવે નહી કે ધમકીઓ આપે અપાવે નહી કે રેવન્યુ રેકર્ડનો દુર ઉપયોગ કરી કોઈ પણ પ્રકારે

વેચાણ,ગીરો કે બક્ષીસ કરી વાદીને નુકસાન કરે કરાવે નહી તેવો દાવા ચાલતા દરમીયાનનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ છે.

(૨) સદર કામે પ્રતિવાદીઓને દાવા તથા આંક–પ ની અરજીની ઈસ્યુ કરેલ નોટીસ બજી ગયેલ છે તેમ છતાં પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર થયેલ નથી જેથી દાવાનુ કામ પ્રતિવાદીઓ વિરુધ્ધ એકતરફી ચલાવવા આંક –૦૭ લગત હુકમ કરેલ છે.

(૩) સદર કામે હાલની અરજીનો નિર્ણય કરતા પહેલા નામદાર સુપ્રિમ કોર્ટનો <u>**Kashi Math Samsthan & Anr. V/s. Srimad Sudhindra Thirtha Swamy & Anr. reported in AIR 2010 Supreme Court 296**</u> ના ચુકાદાના પેરા–૧૩ માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત વંચાણે લેવા જરુરી છે જે નીચે મુજબ છે.

> <u>**Para-13 -**</u> In order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the Court to grant injunction in his favour even if he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted.

ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વંચાણે લેવામાં આવે તો,વાદીઓએ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે પોતાનો કેસ પ્રથમ

દર્શનીય હોવાનું તેમજ સગવડતાનું પાસું તેઓની તરફેણમાં હોવાનું અને નાણાંથી પણ ભરપાઈ થઈ શકે નહીં તેવું નુકશાન થવાની સંભાવના હોવાનું પુરવાર કરવું જરુરી છે.આ પૈકી એક પણ તત્વ પુરવાર થતું ન હોય તો વાદી મનાઈ હુકમ મેળવવા હકદાર નથી.

(૪) આમ,ઉપરોકત હકીકતો તથા રેકર્ડ ધ્યાને લેતા હાલમાં દાવાવાળી મીલકતો મોજે.ટાકાટુકા ગામની સીમના ખાતા નં.૧૭૧,સ.નં. ૧૨૧/૨,નવા સ.નં.૨૨૨ ની હે.આરે.ચો.મી.૦૦–૯૬–૩૩ તથા સ.નં. ૧૨૨/૨,નવા સ.નં.૫૮૭ ની હે.આરે.ચો.મી.૦૦–૬૪–૬૦ તથા ખાતા નં. ૪૬૮,સ.નં.૬૫૪ની હે.આરે.ચો.મી.૦૦–૦૭–૨૫ ની ખરાબાની જમીન તથા ખાતા નં.૧૭૪,સ.નં.૬૫૫ની હે.આરે.ચો.મી.૦૧–૨૫–૭૯ તથા ખાતા નં. ૩૪૭,સ.નં.૬૫૬ની હે.આરે.ચો.મી.૦૧–૩૭–૭૦ ની જમીનો તથા ટાકાટુકા ગ્રામ પંચાયતના આકારણી પત્રકે પટેલ વાસમાં નોંધાયેલ ઘર નં.૨/૧૪૧ ની મિલકતો વાદીના મરહુમ પિતા લવજીભાઈ મકનાભાઈ પટેલને ભાઈઓ ભાગની વહેંચણીથી મળેલ અને તેઓની કબજા ભોગવટાની આવેલ છે તથા તેઓના મરણ બાદ વાદીનો સદરહુ મિલકતોમાં માલીકી અને કબજાહકક પોસાય છે તથા પ્રતિવાદીઓ ધ્વારા વાદીના માલીકી અને કબજા હકકનો ઈનકાર કરેલ છે તેમજ વાદીને કબજો ભોગવટો કરતા અટકાવેલ હોય હાલનો દાવો કરેલ છે.વધુમાં જણાવેલ છે કે,વાદીના પિતા લવજીભાઈ મકનાભાઈ તથા પ્રતિવાદીઓના પિતા લાલાભાઈ મકનાભાઈનાઓ ભાઈઓ થાય છે તથા વાદીઓ અને પ્રતિવાદીઓના મુળપુરુષ પટેલ મકનાભાઈ બાદરભાઈના વારસો છે.વધુમાં પટેલ લાલાભાઈ મકનાભાઈ મોટા પુત્ર હોય તેઓના પિતાની હયાતીમાં રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ થયેલ હતુ ત્યારે વાદીના પિતા નાના પુત્ર હોય તેઓનુ રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ થયેલ ન હતુ તથા સદરહુ મિલકતો મુળપુરુષ મકનાભાઈ બાદરભાઈના કબજા ભોગવટાની હતી

અને તેઓના પિતરાઈ ભાઈ પટેલ સવજીભાઈ બેચરભાઈના ખાતે ખાતા નં. ૧૭૧,સ.નં.૫૪૭,૫૪૮,૫૮૮,૫૯૨,૫૯૭ ની જમીનો આવેલ હતી.વધુમાં વાદી તથા પ્રતિવાદીઓના દાદા પટેલ મકનાભાઈ બેચરભાઈ તથા પટેલ સવજીભાઈ બેચરભાઈ અને પટેલ સરદારભાઈ બેચરભાઈનાઓ હતા અને તેમના કાકા પટેલ સરદારભાઈ બેચરભાઈ નિસંતાન હોવાથી પટેલ મકનાભાઈ બેચરભાઈ દત્તક પુત્ર તરીકે જતા તેઓ પટેલ મકનાભાઈ બાદરભાઈ તરીકે ઓળખાયા અને ત્યારબાદ પટેલ સરદારભાઈ બેચરભાઈ નિસંતાન હોય તેઓની જમીન પટેલ સવજીભાઈ બેચરભાઈને આપી દીધેલ હતી તેથી સવજીભાઈ પાસે જમીન વધુ હતી અને તે પછીથી પટેલ સવજીભાઈ પણ નિસંતાન હોય તેમના દત્તક પુત્ર તરીકે પ્રતિવાદીના પિતા પટેલ લાલાભાઈ મકનાભાઈનાઓ ગામ આગેવાનો રુબરુ ગયેલા હતા જેથી મકનાભાઈ બાદરભાઈના કબજા ભોગવટાની તમામ જમીનમાં પુત્ર તરીકે લાલાભાઈનો કોઈ હીસ્સો કે લાગભાગ રહેતો ન હતો તેથી પટેલ મકનાભાઈ બાદરભાઈના નાના પુત્ર તરીકે સદર જમીનો વાદીના પિતા લવજીભાઈ મકનાભાઈનાઓની રહેલ છે અને તેઓ તેમના એકમાત્ર પુત્રી સંતાન છે જેથી સદર જમીનો માંગવા અને મેળવવા કાયદેસરના હકકદાર છે.વધુમાં,સદર વાદગ્રસ્ત જમીનો વાદીના પિતા પટેલ લવજીભાઈ મકનાભાઈ આવેલ છે પરંતુ પટેલ મકનાભાઈ બાદરભાઈના મોટા દીકરા હોવાના કારણે પ્રતિવાદીઓના પિતા લાલાભાઈ મકનાભાઈના નામે રેવન્યુ રેકર્ડ દાખલ થયેલ હતુ અને સદર જમીનો પૈકી સ.નં.૬૫૫ ની જમીનમાં વાદીનુ નામ દાખલ થયેલ છે અને બાકીની જમીનોમાં તેમના પિતા લવજીભાઈનુ નામ નાના પુત્ર હોવાના કારણે રેકર્ડે દાખલ થયેલ નથી પરંતુ ગામ આગેવાનો દ્વારા નકકી કરવામાં આવેલ વહેંચણી આધારે સદર જમીનોમાં વાદીના પિતા લવજીભાઈના કાયદેસરના કબજે ભોગવટે આવેલ છે અને તેમાં

અમારો કાયદેસરનો લાગભાગ,હકક અને હીસ્સો આવેલ છે અને વાદીના પિતા હયાત હતા તે દરમીયાન તેમના કબજાની સદર જમીનમાં જાતે વાવેતર કરતા હતા અને તે દરમીયાન અમારા માતા શારદાબેન લવજીભાઈનાઓ આકસ્મીક રીતે મરણ થતા ત્યારબાદ અમારા પિતા ટુંકી માંદગીથી મરણ થયેલા અને તે સમયે વાદી નાની ઉંમરના હોય તેમના મામા પટેલ ડાહ્યાભાઈ વાઘજીભાઈના ઘરે ભીલોડા મુકામે ગયેલા તેથી વાદીની સદર જમીનો આ કામના પ્રતિવાદીના પિતા લાલાભાઈ મકનાભાઈનાઓ વાવતા હતા અને તે સમયે તેમના મામા પટેલ ડાહ્યાભાઈ વાઘજીભાઈનાઓએ સદર જમીનો વાદીના નામે કરવા જણાવેલ હતુ પરંતુ વાદી સગીરવયના હોય ગામ આગેવાનો તથા સમાજના સગા સબંધીઓએ તેમના લગ્ન સમયે સદર જમીનો તેમના નામે કરી આપવાની સમજુતી કરેલ હતી અને સદર જમીનોની આવકનો હીસ્સો વાદીને આપવાની પણ વાત નકકી કરેલ હતી.પછીથી વાદી ઉમર લાયક થતાં તેમના લગ્ન ભેટાલી મુકામે થતાં તેઓ તેમની સાસરીમાં રહેવા ગયેલા અને તે સમયે આગેવાનો દ્વારા વાદીના ઘરે સારો પ્રસંગે આવે તે સમયે સદર જમીનો અને તમામ હીસ્સો વાદીને આપી દેવાનુ નકકી થયેલ અને મોજે.ટાકાટુકા ગામે રહેલ મકાન પણ વાદીને આપી દેવાની વાત આગેવાનો વચ્ચે નકકી થયેલ છે.વધુમાં સવજીભાઈ બેચરભાઈને કોઈ સંતાન ન હોય પ્રતિવાદીના પિતા લાલાભાઈ સવજીભાઈના ઘરે દત્તક પુત્ર તરીકે ગયેલા હતા અને તેથી તેઓની પાછળ સવજીભાઈ લાગે છે અને સદર હકીકતે લાલાભાઈ સવજીભાઈ ના પુત્ર તરીકે ઓળખાતા હતા અને સદર હકીકત ગામ આગેવાનો સારીરીતે જાણે છે અને તેથી મકનાભાઈ બાદરભાઈની તમામ મિલકતના વારસદાર અને પુત્ર સંતાન તરીકે એક માત્ર હકકદાર વાદીના પિતા લવજીભાઈ મકનાભાઈનાઓ થાય છે અને સદર હકીકત પ્રતિવાદીઓ સારી રીતે જાણે છે પરંતુ મકનાભાઈ બાદરભાઈની

જમીનમાં હીસ્સો મેળવવાના બદઈરાદાથી પાછળથી એટલે કે વાદીના પિતા લવજીભાઈના મરણ બાદ લાલાભાઈએ પોતાની જગ્યાએ પોતાનાદીકરા મહેદ્યભાઈને સવજીભાઈના દત્તક પુત્ર તરીકે દર્શાવી દીધેલ છે અને રેવન્યુ રેકર્ડે પટેલ મહેદ્યભાઈ સવજીભાઈના નામે થયેલ છે અને સદર હકીકત ખોટી અને બનાવટી રીતે તેમના પિતાની હયાતી બાદ માત્ર જમીનો પચાવી પાડવાના બદઈરાદા અને બદઆશયથી કરવામાં આવેલ છે.

(૫) હાલના દાવા કામે આંક-૦૪ ના લીસ્ટથી રજુ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈએ તો,નિ.૪/૬ તથા નિ.૪/૭ થી ટાકાટુકા ગ્રામ પંચાયતે નોંધાયેલ પટેલ વાસના મકાન નં.૨/૧૪૧ હાલમાં પટેલ મકનાભાઈ બાદરભાઈના નામે ચાલી આવેલ છે જેથી વાદીના કથન મુજબ સદરહુ મકાન તેઓના પિતાને વહેંચણી મુજબ મળેલ હોય અને તેઓએ કબજો ભોગવટો ધરાવેલ હોય તથા હાલમાં વાદીના પિતાના અવસાન બાદ વાદી કબજો ભોગવટો ધરાવતા હોય તેવુ પ્રથમદર્શનીય રીતે જણાઈ આવતુ નથી.વધુમાં નિ.૪/૮ થી ૪/૧૦ તથા નિ.૪/૧૨ ધ્યાને લઈએ તો,સ.નં.૬૫૪,૬૫૫ ની જમીનમાં વાદીના નામ જણાઈ આવે છે પરંતુ સ.નં.૬૫૬,૫૮૭,૨૨૨ માં વાદીના નામ જણાઈ આવતા નથી.વધુમાં મોજે.ટાકાટુકા ગામની સીમના ખાતા નં.૧૭૧,સ.નં.૧૨૧/૨,નવા સ.નં.૨૨૨ ની હે.આરે.ચો.મી. ૦૦-૯૬-૩૩ તથા સ.નં.૧૨૨/૨,નવા સ.નં.૫૮૭ ની હે.આરે.ચો.મી. ૦૦-૬૪-૬૦ તથા ખાતા નં.૪૬૮,સ.નં.૬૫૪ની હે.આરે.ચો.મી. ૦૦-૦૭-૨૫ ની ખરાબાની જમીન તથા ખાતા નં.૧૭૪,સ.નં.૬૫૫ની હે.આરે.ચો.મી.૦૧-૨૫-૭૯ તથા ખાતા નં.૩૪૭,સ.નં.૬૫૬ની હે.આરે.ચો.મી.૦૧-૩૭-૭૦ ની જમીનો તથા ટાકાટુકા ગ્રામ પંચાયતના આકારણી પત્રકે પટેલ વાસમાં નોંધાયેલ ઘર નં.૨/૧૪૧ ની મિલકતો વાદીના પિતાને તેઓના પિતા મકનાભાઈ બાદરભાઈના હીસ્સે આવેલ તમામ

મિલકતો વહેંચણી મુજબ મળવાપાત્ર હતી તથા પ્રતિવાદીઓનો સદરહુ મિલકતોમાં કોઈ હકક,હીસ્સો ન હતો તે અંગે રજુ દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતા,વાદી અને પ્રતિવાદીઓ તરફે પુરાવો લીધા બાદ યોગ્ય અને ન્યાયી નિર્ણય થઈ શકે તેમ છે તથા સદરહુ મિલકતોમાં વાદી અને પ્રતિવાદીઓના હીત જણાઈ આવતા હોય બંને પક્ષે પુરાવો રજુ કરવાની તક આપવા વ્યાજબી જણાય છે તથા માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો,બંને પક્ષના હકક,હીતને નુકસાન થવાની શકયતા છે તથા મિલકતોમાં વાદી કે પ્રતિવાદીઓને કેટલો હીસ્સો આવેલ છે તથા આ મિલકતો કોની માલીકી અને કબજા ભોગવટાની છે તે અંગે પુરાવો લીધા બાદ જ યોગ્ય નિર્ણય થઈ શકે તેમ છે જેથી હાલના દાવા કામે પુરાવો રજુ થાય ત્યાં સુધી દાવાવાળી મિલકત જૈસે થે પરીસ્થીતીમાં જાળવવા વાદી અને પ્રતિવાદીઓને હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય છે.આમ,ઉપરોકત ચર્ચાને ઘ્યાને લેતા વાદીની હાલની કામચલાઉ મનાઈ હુકમની અરજી અંગે નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

-: **હુકમ** :-

(૧) આ કામના વાદી તથા પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકતો દાવાનો આખરી નીકાલ થાય ત્યાં સુધી યથાવત પરીસ્થીતીમાં જાળવી રાખવા હુકમ કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ તા.**૩૦ મી**,માહે-**જુલાઈ,**સને-**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**તા.૩૦/૦૭/૨૦૨૬**
**ભિલોડા.**

**( એમ.એ. મકરાણી)**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**ભિલોડા.**
**UIC NO.GJ 01007**